ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મંગળવાર ૧૬ જુન, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## બેડવા ટાઉન ટોક

**-: બેડવા ગામનો પરિચય :-**

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1088 |
| કુલ વસ્તી | 5444 |
| કુલ પુરૂષો | 2843 |
| કુલ સ્ત્રીઓ | 2601 |

**-: સાક્ષરતા દર :-**

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 82.83 |
| પુરૂષ સાક્ષરતા દર | 91.98 |
| સ્ત્રી સાક્ષરતા દર | 73.04 |

**-: ખેડૂતો :-**

| | |
|---|---|
| ખેડૂતો | 440 |
| ખેત મજૂર | 864 |
| સીમાંત વર્ગ | 161 |

**-: બીપીએલ :-**

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 114 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 496 |

**-: પશુધન :-**

| | |
|---|---|
| પશુધન | 2612 |
| ગાય | 1440 |
| ભેંસ | 883 |
| અન્ય | 289 |

**-: જમીન ક્ષેત્રફળ :-**

420 હેક્ટર 20 આરે 46 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 05 હેક્ટર 94 આરે 89 ચો.મી.

**-: ખેતીપાક :-**

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

**-: શૈક્ષણિક સગવડ :-**

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 1014 |

**-: પીવાના પાણીની સવલત :-**

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 1565 |

**-: વીજળીકરણ :-**

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1800 |
| ઔધોગિક વિષયક જોડાણ | 134 |
| ખેતી વિષયક જોડાણ | 95 |

**-: એલપીજી ગેસ વ્યવસ્થા :-**

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 874 |

**-: સામાજિક સુરક્ષાની વિગતો :-**

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 280 |
| BPL કાર્ડ ધારકો | 252 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 116 |

**-: રસ્તાની સુવિધા :-**

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

**-: યોજનાકીય લાભાર્થીઓ :-**

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 27 |
| વિધવા સહાય | 228 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 04 |

# પાંચસો વર્ષ અગાઉ બહેડા વૃક્ષોના વન તરીકે ઓળખાતું હરીયાળું ગામ સમયાંતરે બેડવા તરીકે પ્રચલિત થયું




આણંદ જિલ્લાનુ ગામ બેડવા જીલ્લા -તાલુકા મથક આણંદથી માત્ર ૧૦ કિલોમીટર અંતરે આવેલું ગામ છે. બેડવા ગામ સંદર્ભે ગામના વડીલો પાસેથી ચર્ચા દરમિયાન જાણવા મળ્યા મુજબ બેડવા ગામનો પ્રારંભિક વસવાટ પાંચસો વર્ષ અગાઉ થયેલો છે. ગામના ઘણા બધા વિસ્તારોમાં બહેડા નામના ઝાડ ખુબ જ મોટા પ્રમાણમાં હતા. સમગ્ર પંથકમાં જ્યાં જુઓ ત્યાં મોટાભાગે બહેડાના ઝાડ જ જોવા મળતા હતા. આવા રમણિય વિસ્તારમાં સામાન્ય લોકોએ વસવાટ શરૂ કર્યો હતો. પરંતુ જે તે સમયે બહેડા ઝાડ પુષ્કળ પ્રમાણમાં હોવાથી બહેડાના વન તરીકે ઓળખાતો પ્રદેશ સમયાંતરે બેડવા તરીકે પ્રચલિત થયો હોવાની લોકવાયકા છે. જોકે એક સમયે ખુબ મોટા પ્રમાણમાં બહેડાના ઝાડથી જાણીતા ગામમાંથી બહેડાના ઝાડ ઓછાં થતાં ગયાં હતાં. હાલમાં ગણ્યા ગાંઠ્યા વિસ્તારોમાં જ બહેડા ઝાડ જોવા મળે છે. કાળક્રમે બહેડાના ઝાડ ઓછાં થતા ગયા હોવાનું ગ્રામજનો પાસેથી જાણવા મળ્યું છે.. ગામના વસવાટ અંગેની જાણકારી મુજબ ગ્રામજનોની જાણ મુજબ તમામ લોકોનો વસવાટ ચાર થી પાંચ પેઢી પહેલાંનો એટલે કે પાંચસો વર્ષ આસપાસના સમયગાળામાં થયેલો છે. ગામમાં હાલ પટેલ, ડાભી, વણિક, પરમાર, ખ્રિસ્તી, મુસ્લિમ, વણકર, દેવીપુજક, હરીજન, રોહિત અને વાળંદ વગેરે જ્ઞાતિના લોકો વસે છે.

> **પ્રાચીન પરંપરાઓને જાળવી રાખતાં આધુનિક વિકાસના માર્ગે આગળ વધી રહેલું બેડવા ગામ ચરોતરની ગૌરવશાળી ઓળખ સમાન છે.**

ગામમાં મોટુ કહેવાય તેવુ બજાર નથી પણ અલગ અલગ વિસ્તારોમાં ૨૦ જેટલી નાની મોટી દુકાનો છે. બેડવા ગામની આવકમાં ખેતી અને પશુપાલન મુખ્ય છે. ડાંગર તમાકુ અને ઘઉં મુખ્ય પાકો છે. ખેડુતો પાક ઉત્પાદનનુ વેચાણ આણંદ માર્કેટ યાર્ડમાં થાય છે.

ગામમાં મોટુ કહેવાય તેવુ બજાર નથી પણ ૨૦ જેટલી નાની મોટી દુકાનો છે. ત્યાંથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ જથ્થાબંધ કે છુટક સામાન પણ મળી રહે છે. ગ્રામજનો માટે પંચાયત, પોસ્ટ, વીજ, સિંચાઈ સંબંધિત સુવિધા સરળતાથી ઉપલબ્ધ છે. ગ્રામ પંચાયત કચેરીમાં ઇન્ટરનેટ સુવિધા છે. ગામમાં પોસ્ટ ઓફીસ છે અને ટપાલ નિયમીત મળે છે. ખેતીના ઓજારો અને જંતુનાશક દવાઓ આણંદથીથી લાવે છે. ગૌચર સામાન્ય ઉપયોગ કરવામાં આવે છે.

ગામમાં ખેડુતોએ સિંચાઇ વ્યવસ્થા માટે ચારથી પાંચ ખેત તલાવડીઓ બનાવેલ છે. ગામમાં મોટું એક તળાવ અને ત્રણ નાની તળાવડીઓ પણ છે. ગામમાં એક રાષ્ટ્રીય કૃત બેન્ક હોવાથી નાણાકીય વ્યવહારો માટે પશુપાલકો , ખેડૂતો , ગ્રામજનોને ઘણી બધી રાહત મળે છે. બેડવા ખાતે જ ચાલતી નાણાંકીય સંસ્થાઓ સાથે અમર્યાદીત લેવડદેવડ આવે છે. આ સંસ્થાઓ ખાતે નવુ ખાતુ ખોલવા અને નાણાં ભરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

# બેડવા ગામમાં દાદુરામ મહારાજના અનુયાયીઓ અને સેવકો થકી નિયમિત ધાર્મિક સામાજિક કાર્યક્રમોનુ આયોજન






> **ગામમાં પ્રવેશતાં જ ડાબી બાજુ વિશાળ જગ્યામાં મંદિર નિર્માણ કરવામાં આવ્યું છે**

આણંદ તાલુકાના નાનકડા ગામમાં બેડવા ગામમાં શ્રી દાદુરામ મહારાજ મંદિર છેલ્લા ઘણા બધા શ્રદ્ધાળુઓનું આસ્થા સ્થાન બની ગયું છે. દર માસની પુનમે ખૂબ જ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે. ગામમાં પ્રવેશતાં જ ડાબી બાજુ વિશાળ જગ્યામાં મંદિર નિર્માણ કરવામાં આવ્યું છે. મંદિર પરિસરમાં નિયમિત નાના મોટા ઉત્સવોમાં પ્રભુ ધૂનની ઊર્જાની તીવ્રતાથી રાતના સમયે આ ધૂનનો ગુજારવ સાંભળીને એક અનોખી શાંતિ સાથે શક્તિનો સંચાર થાય છે. આટલી લાંબી આરાધના ને પગલે આ મંદિરના કણે કણમાં પ્રભુ નામ વસી ગયું છે, જેનાથી સમગ્ર વાતાવરણ પવિત્ર બની ગયું છે, અહિ આવતા લોકોને મંદિરના પ્રાંગણમાં પગ મુકતા જ શાંતિનો અહેસાસ થવા માંડે છે. પ્રભુ નામ જપતાં આ સ્થળે વાતાવરણમાં તમામ ચિંતા અને તણાવમાંથી મુક્તિ મળે છે, એટલે સુધી કે તમામ મનોકામના પૂરી થતી હોવાની ભાવિકોની આસ્થા છે. શાસ્ત્રોમાં લખ્યા મુજબ પ્રભુ નામ લેવાથી તમામ દુઃખો દુર થાય છે, એમ અહિ કોઈ પણ સમયે પ્રભુ નામનો ગુંજારવ થતો રહે છે, જે કોઈ પ્રવાસીઓ, દર્શનાર્થીઓ એકવાર બેડવા આવે તે અચૂક પણે દાદુરામ મંદિરે તો આવે જ છે. બેડવા વાસીઓ હાથમાં મંજીરા, ઢોલક, પેટીના સથવારે મુખમાં પ્રભુ નામનું રટણ કરવાની આ ક્રિયા સંત વિભુતિ દાદુરામના ભક્ત બનીને સતત રટતા રહે છે. મંદિરમાં બિરાજમાન દેવોના દર્શન લાભ લઇ શ્રધ્ધાળુઓ ભક્તિમાં તરબોળ થાય છે. બેડવા ગામમાં ભક્તિની ઓળખ એટલે દાદુરામ મહારાજ મંદિર.

> **મંદિરમાં બિરાજમાન દેવોના દર્શન લાભ લઈ શ્રધ્ધાળુઓ ભક્તિમાં તરબોળ થાય છે**

મંદિર ખાતે પાંચ પાંચ દાયકાઓથી ચાલી રહેલી પ્રભુ ભક્તિના શબ્દોની ધૂન વિશ્વ શાંતિના ઉદ્દેશ સાથે વિવિધ વાર તહેવાર દરમિયાન સતત ચાલતી રહી છે. મંદિરે દરરોજ સવાર સાંજ દિવડાઓની આરતી થાય છે, તેમજ વર્ષ દરમિયાન રામ નવમી, હનુમાન જયંતી, કાળી ચૌદશ, વિજયા દસમીના દિવસે વિશેષ આરતી કરવામાં આવે છે. મંદિરમાં ગાદીપતિ મહારાજના સાનિધ્યમાં નિયમિત પણે દરેક ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. તેમના જણાવ્યાં પ્રમાણે આ મંદિર પરિસરમાં દર્શન માટે આવતા દરેકે દરેક વ્યક્તિની મનોકામનાઓ પરીપૂર્ણ થાય છે.

# ગામની મહિલાઓ સ્વસહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહ્યા છે



ગામના ઈતિહાસ, ધાર્મિક પરંપરા, શૈક્ષણિક સુવિધાઓ અને કૃષિ આધારિત અર્થતંત્રના કારણે બેડવા આજુબાજુના વિસ્તારોમાં આગવી ઓળખ ધરાવે છે. ગ્રામ્ય જીવનની સાદગી અને આધુનિક સુવિધાઓના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ તરીકે બેડવા ગામનું નામ લેવામાં આવે છે.

બેડવા ગામ માત્ર એક સામાન્ય ગ્રામ્ય વસાહત નથી, પરંતુ ઈતિહાસ, સંસ્કૃતિ, શિક્ષણ, કૃષિ અને સામાજિક એકતાના મૂલ્યોને જીવંત રાખતું પ્રેરણાદાયી ગામ છે. પ્રાચીન પરંપરાઓને જાળવી રાખતાં આધુનિક વિકાસના માર્ગે આગળ વધી રહેલું બેડવા ગામ ચરોતરની ગૌરવશાળી ઓળખ સમાન છે. ધાર્મિક આસ્થા, શૈક્ષણિક જાગૃતિ, કૃષિ સમૃદ્ધિ અને સામાજિક સુમેળના કારણે બેડવા ભવિષ્યમાં પણ વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

બેડવા ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય ગામ છે પરંતુ ગામના મોટાભાગના લોકોની દિઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે. બેડવા ગામમાં રાજપૂત યુવા સંગઠન અને અન્ય યુવક મંડળ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે ખુબ જ જાણીતી છે. ગામમાં જાહેર કાર્યોમાં યુવાનો ખૂબ સારુ કામ કરે છે. પૌરાણિક મંદીરોનો જીર્ણોધ્ધાર યુવાનોની જહેમત દાતાઓ અને ગ્રામજનોથી થયા છે. ગામના તમામ લોકોની ઉપસ્થિતિમાં દર વર્ષે વિવિધ મંદીરના પાટોત્સવ પણ ધામધૂમથી ઉજવાય છે. ગામમાં કોઈ જ પ્રકારની હુંસાતુંસી ક્યારેય પણ થયેલ નથી. યુવાનોની એકતા માટે બેડવા ગામ પંથકમાં ખુબ જ જાણીતુ બન્યુ છે.

દરેકે દરેક યુવાનો ખભેખભા મિલાવી ગામના તમામ પ્રસંગોમા મદદરુપ થાય છે. રાજકીય ક્ષેત્રમાં ગામનો કોઈ વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર ના હોવા છતા ગામનો સારો એવો વિકાસ આ યુવાનોને આભારી છે